# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-12-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) જમ્મુ-કાશ્મીરના ઉપ-રાજ્યપાલ મનોજ સિન્હાએ કહ્યું, ભારતને વિશ્વનું સૌથી મોટું લોકતંત્ર બનાવવામાં સરદાર પટેલના આદર્શ મહત્વના - સરદાર એકતા યાત્રા વડોદરાના મેનપુરા પહોંચી.
2) રાજ્યમાં SIR હેઠળ ગણતરી પત્રકના ડિજિટાઈઝેશનની કામગીરી પૂરજોશમાં – લીમખેડા અને ધાનેરામાં 100 ટકા કામગીરી
3) રાજ્યભરમાં આજે ગીતા જયંતિની ઉજવણી કરવામાં આવી
4) ગાંધીનગરમાં પાલતું શ્વાનના માલિકે શ્વાનની ફરજિયાત નોંધણી કરાવવી પડશે.
5) અમદાવાદમાં ભારતની 17 વર્ષથી ઓછી વયની પુરુષ ફૂટબૉલ ટીમ ઈરાનને હરાવી એશિયન કપ 2026 માટે ક્વાલિફાય થઈ.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# MANOJ SINHA PADYATRA

જમ્મુ-કાશ્મીરના ઉપ-રાજ્યપાલ મનોજ સિન્હાએ કહ્યું , આજે ભારત પોતાને વિશ્વનું સૌથી મોટું લોકતંત્ર કહેવામાં ગૌરવ અનુભવે છે. તેની પાછળ સરદાર પટેલના આદર્શ અને તેમના લક્ષ્યાંકની સૌથી મોટી તાકાત રહેલી છે. તેમણે લોખંડી પુરુષ સરદાર પટેલને ભારતના આત્મવિશ્વાસ , સ્વાભિમાન, પરાક્રમ અને પુરુષાર્થ ગણાવ્યા. વડોદરાના મેનપુરા ખાતે પહોંચેલી સરદાર એટ 150 એકતા પદયાત્રા દરમિયાન સરદાર ગાથા કાર્યક્રમને સંબોધતા શ્રી સિન્હાએ કહ્યું , સરદાર પટેલ ન હોત તો કદાચ ભારતનો ભૂગોળ ખંડિત થઈ ગયો હોત.

(BYTE - MANOJ SINHA, L.G. OF J&K)

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી , કૅબિનેટ મંત્રી અર્જુન મોઢવાડિયા, રાજ્યમંત્રી સ્વરૂપજી ઠાકોર , ત્રિકમ છાંગા સહિત ગ્રામજનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# SIR CAMPAIGN IN STATE

રાજ્યમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. ઝુંબેશ હેઠળ ગણતરીપત્રકના ડિજિટાઈઝેશનની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં 100 ટકા ગણતરીપત્રક વિતરણનું કામ સંપન્ન થયું છે. તે પૈકી દાહોદના લીમખેડા અને બનાસકાંઠાના ધાનેરા વિધાનસભા મતવિસ્તારમાં 100 ટકા ડિજિટાઈઝેશન પૂર્ણ થયું છે. જ્યારે ડાંગ જિલ્લો 93 પૂર્ણાંક 14 ટકા ડિજિટાઈઝેશનથી આગળ વધી રહ્યો છે.

ગણતરી દરમિયાન રાજ્યભરમાં 15 પૂર્ણાંક 58 લાખથી વધુ અવસાન પામેલા મતદાર મતદાર યાદીમાં સામેલ હતા. જ્યારે ચાર લાખથી વધુ મતદાર તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા. સાથે જ 21 પૂર્ણાંક 86 લાખથી વધુ મતદાર કાયમી સ્થળાંતરિત થયા હોવાનું ધ્યાને આવ્યું છે. ઉપરાંત 2 લાખ 68 હજારથી વધુ મતદાર પુનરાવર્તિત હોવાનું જણાયું છે.

. . . . . . . . . . . . .

# GITA JAYANTI-DISTRICT

રાજ્ય સહિત દેશભરમાં આજે ગીતા જયંતીની ઉજવણી થઈ રહી છે. આ દિવસ એ ક્ષણને યાદ અપાવે છે, જ્યારે ભગવાન શ્રીકૃષ્ણએ પાંચ હજાર વર્ષથી પણ પહેલા કુરુક્ષેત્રના રણમાં અર્જુનને ભગવદ્ ગીતાનો શાશ્વત ઉપદેશ આપ્યો હતો. ભગવદ્ ગીતાના ઉપદેશ જીવન, ફરજ અને અસ્તિત્વના સ્વભાવ અંગે સૌથી મુળભૂત પ્રશ્નોનો જવાબ પણ આપે છે.

શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ ગાંધીનગરથી ભગવદ્ ગીતા જયંતીની ઉજવણી નિમિત્તે પ્રતિક્રિયા આપી.

(બાઈટ: રિવાબા જાડેજા, રાજ્ય સરકારના મંત્રી)

જામનગરમાં નગરગૃહમાં યોજાયેલા કાર્યક્રમમાં નવતન-પુરીધામ ખીજડા મંદિરના મહંત સહિત અનેક આગેવાનોએ ગીતા જયંતિ ઉજવા ઈ. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી વિપુલ મહેતાએ વધુ માહિતી આપી.

(બાઈટ : વિપુલભાઈ મહેતા, જિલ્લા શિક્ષણ અધિકારી જામનગર)

છોટાઉદેપુરમાં બોડેલો ખાતે અને સુરેન્દ્રનગરમાં પણ ગીતા મહોત્સવ ઉજવાયો.

ગીરસોમનાથ જિલ્લામાં ગીતા મંદિર ખાતે શ્રીમદ્ ભગવદ્ ગીતાજીના ગ્રંથનું વિધિવત્ પૂજન-અર્ચન કરાયું.

સાબરકાંઠામાં ઇડર નગરપાલિકા નગરગૃહ ખાતે ગીતા જયંતી નિમિત્તે ધારાસભ્ય રમણલાલ વોરા અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિયામકની ઉપસ્થિતિમાં જિલ્લા સ્તરનો 'ગીતા મહોત્સવ' ઉજવાયો.

ડાંગની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા આહવા ખાતે અને કચ્છના ભુજમાં શ્રી સ્વામીનારાયણ કન્યા વિદ્યામંદિર ખાતે વિદ્યાર્થીઓ માટે શ્લોક પઠન સ્પર્ધા યોજાઈ.

. . . . . . . . . . . . .

# GRIT DARKHASTO

વિકસિત ગુજરાત 2047ના લક્ષ્યાંક સિદ્ધ કરવા GRIT એટલે કે, ગુજરાત રાજ્ય પરિવર્તન માટેની સંસ્થા દ્વારા સંશોધન પરિયોજનાઓ માટે દરખાસ્ત મગાવાઈ છે. સત્તાવાર યાદી મુજબ , રાજ્યની નીતિ ઘડતરમાં સહભાગી થવા બિન-શૈક્ષણિક વ્યક્તિઓ અને સંસ્થાઓ આગામી 15 ડિસેમ્બર સુધીમાં GRITની વેબસાઈટ GRIT.GUJARAT.GOV.IN પર અરજી કરી શકશે.

ટકાઉપણું, આદિવાસી વિસ્તારોના આર્થિક વિકાસ , ખેતીમાં નવિનતા અને સેવા ક્ષેત્રના વિકાસ જેવા મુખ્ય ચાર વિષય પર આધારિત દરખાસ્ત મોકલી શકાશે. મળેલી દરખાસ્તોનું મૂલ્યાંકન પ્રાસંગિકતા , પદ્ધતિસરની સચોટતા , નીતિગત અસરની સંભાવના જેવા મુખ્ય માપદંડના આધારે કરાશે.

. . . . . . . . . . . . .

# GNR DOG REGISTRATION

ગાંધીનગરમાં હવે પાલતું શ્વાનના માલિકે શ્વાનની ફરજિયાત નોંધણી કરાવવી પડશે. આ માટે તેમણે વાર્ષિક 200 રૂપિયા જેટલી ફી ચૂકવવી પડશે. ગાંધીનગર મહાનગરપાલિકાએ શ્વાનની નોંધણી ફરજિયાત કરાવવા તૈયાર કરેલી નીતિને સ્થાયી સમિતિની બેઠકમાં મંજૂરી અપાઈ છે. નોંધણી વખતે શ્વાનના માલિકે આધાર-પૂરાવા અને ખાસ કરીને શ્વાનું એન્ટી-રૅબિઝ રસીકરણ કરાયાનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે તેમ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ ગૌરાન્ગ વ્યાસે જણાવ્યું.

(BYTE: GAURANG VYAS, CHAIRMAN, STANDIN GCOMMITTEE, GANDHINAGAR)

. . . . . . . . . . . . .

# FOOTBALL AFC ASIAN CUP

ભારતની 17 વર્ષથી ઓછી વયની પુરુષ ફૂટબૉલ ટીમ ઍશિયન ફૂટબૉલ સંઘ – A.F.C. અંડર 17 ઍશિયન કપ 2026 માટે ક્વાલિફાય થઈ છે. અમદાવાદમાં ભારતની ટીમે ઈરાનને બે-એકથી હરાવી આ સિદ્ધિ મેળવી છે. કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ ભારતીય ટીમને અભિનંદન પાઠવ્યા છે. ડૉક્ટર માંડવિયાએ સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું , આ જીત યુવા ખેલાડીઓ , પ્રશિક્ષક અને સહાયક કર્મચારીઓના સમર્પણ અને મહેનતનું પરિણામ છે.

આ જીત પછી ભારત અને ઈરાનના સાત-સાત પૉઈન્ટ થયા છે. ઈરાનને હરાવ્યા બાદ ભારત હવે ગ્રૃપ ડી-માં ટોચ પર રહ્યું છે. મહિલાઓની 20 વર્ષથી ઓછી વયની વરિષ્ઠ ટીમ અને 17 વર્ષથી ઓછી વયની ટીમ પછી આ ચોથી ભારતીય ટીમ છે, જે આવતા વર્ષે ઍશિયન કપમાં રમશે.

. . . . . . . . . . . . .

# OFFICER NARMADA VISIT

IPS, IIS અને IFS જેવી વિવિધ કેન્દ્રીય સેવાના તાલીમાર્થી અધિકારીઓએ નર્મદા જિલ્લાની મુલાકાત લીધી. તેમણે સામોટ ગામમાં ગ્રામ પંચાયતની મુલાકાત લીધી. તાલીમના ભાગરૂપે પધારેલાં અધિકારીઓએ ગ્રામીણ વિકાસ , યોજનાઓનું અમલીકરણ , ગ્રામ પંચાયતની કામગીરીની વિગતવાર જાણકારી મેળવી

. . . . . . . . . . . . .

# DIU -DAMAN-ELECTION

કેન્દ્રશાસિત પ્રદેશ દમણ  માં જિલ્લા પંચાયત  ના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીમાં પ્રમુખ તરીકે ધર્મ પટેલ અને ઉપપ્રમુખ રિના પટેલ       ની  વરણી થઈ. ઉપરાંત દીપિકા ટંડેલ મહાનગરપાલિકાનાં પ્રમુખ અને મુકેશ પટેલ ઉપપ્રમુખ તરીકે ચૂંટાયાં છે.

ઉપરાંત દીવમાં પ્રિસાઈડિંગ  ઓફિસર શિવમ મિશ્રાએ અઢી વર્ષ માટે જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની નિયુક્તિ કરતાં પ્રમુખ તરીકે રણજિતા કોટીયા અને ઉપપ્રમુખ તરીકે નાનજી બાબુને કાર્યભાર સોંપાયો.

. . . . . . . . . . . . .

# RANN UTSAV BUS SEVA

કચ્છમાં રણોત્સવમાં આવતા પ્રવાસીઓ માટે આ બુધવારથી ભુજ અને ધોરડો વચ્ચે બસ સેવા શરૂ કરાશે. એસ.ટી. ભુજ દ્વારા ધોરડો સબરસ બસમથકથી વૉચ ટાવર સુધી યાત્રાળુઓને પહોંચાડવા વિશેષ 10 નાની બસ મુકાશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ તથા જિલ્લા વહિવટી તંત્ર દ્વારા "ધોરડો રણોત્સવ"નું આયોજન કરાયું છે. ત્યારે ભુજથી ધોરડો અવરજવર માટે બસના વધારાના ત્રણ ફેરા કરાશે. ભુજથી દરરોજ સવારે આઠ વાગ્યે પહેલી બસ ઉપડશે. જ્યારે ધોરડોથી ભુજ માટેની પહેલી બસ સવારે 10 વાગ્યેને 35 મિનિટે ઉપડશે.

. . . . . . . . . . . . .